પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૯૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૧૨-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અમદાવાદના આંગણે પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે : આજે પીએમ મોદી ઉદ્‌ઘાટન કરશે

અમદાવાદ,

બીએપીએસ(બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા અમદાવાદના આંગણે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. અમદાવાદના એસપી રિંગરોડ પર ઓગણજ ખાતે ૬૦૦ એકરમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર બનાવવામાં આવ્યું છે. અહીં ૧૫ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ભવ્ય રીતે શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ૧૪ ડિસેમ્બર (બુધવાર) એ સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ નગરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે સાંજે ૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. પીએમ મોદી ૫.૩૦ કલાકે સીધા એરપોર્ટથી ઓગણજ પહોંચશે. ઓગણજ ખાતે પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે. પીએમ મોદીના હસ્તે પ્રમુખ સ્વામી મહારાજ નગરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. પીએમ મોદીની સાથે મહંત સ્વામી સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના અન્ય સાધુ સંતો પણ હાજર રહેશે.

અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર ૬૦૦ એકરમાં વિશાળ મહોત્સવ સ્થળ બનાવાયું છે. જેમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર તૈયાર કરી અનેક સુવિધાઓ ઉભી કરાઈ છે. પ્રમુખ સ્વામી મહારાજ નગરમાં પ્રેરણાત્મક પ્રદર્શન, મનોરંજક અને જ્ઞાનવર્ધક બાળનગરી, નયનરમ્ય અને રંગબેરંગી જ્યોતિ ઉદ્યાન, અક્ષરધામની આબેહૂબ પ્રતિકૃતિ, લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિત અનેક આકર્ષણનો સમાવેશ કરાયો છે. બાળ નગરી પણ તૈયાર કરવામાં આવી છે. જેમા પ્રમુખ સ્વામી મહારાજનું જીવન ચરિત્ર પણ જોવા મળશે. બાળનગરીમાં ૬થી ૭ હજાર બાળકો એનું સંચાલન કરશે..પ્રમુખ સ્વામી નગરમાં કુલ બે સભા ગૃહ છે. પ્રમુખ સ્વામી મહારાજ સભા ગૃહ અને નારાયણ સભાગૃહ જેમા વિચાર સમારોહ થશે.


કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૫ ડિસેમ્બરે નારાયણ સભા ગૃહનું ઉદ્‌ઘાટન કરશે. સભા ગૃહમાં ૨૧ પરિષદ, ૧૪ પ્રોફેશનલ અને ૭ એકેડેમીક પરિષદો યોજાશે. મેડિકલ, જમવાની, અધ્યામિક્તાની, સ્પોર્ટ્સ સહિત તમામ સુવિધાઓ છે... જો કોઈ પાસે સમય ઓછો છે તો ૨૦ મિનિટમાં સાર સમજવો હોય તો એક લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ છે. પ્રમુખ સ્વામી મહારાજ નગરમાં આધૂનિક ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧ લાખ કરતાં વધુ લોકો હશે, સ્ટેજ કાર્યક્રમ થશે અને સંબોધન પણ ત્યાં થશે. ૧૫ ડિસેમ્બરે નારાયણ સભાગૃહ છે, ત્યાં ૧ હજાર લોકો સમાવી શકાય એવો સમારોહ થશે. ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ત્યાં ઉદઘાટન થશે, માનવ ઉત્કર્ષનું આંતરાષ્ટ્રીય અધિવેશન ૧ મહિના સુધી ચાલશે. સતત સાંજે ૫ થી ૭.૩૦ દરમિયાન ૧ મહિના સુધી રોજ જુદા જુદા કાર્યક્રમ થશે. ૧૯ અને ૨૦ તારીખે ટેમ્પલ આર્કિટેકચર પર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાશે. સોમપુરાઓનું સન્માન થશે. ૨૧ અને ૨૨ ડિસેમ્બરે એસસી અને એસટી માટે સંતોના યોગદાન સાથે પરિષદ યોજાશે. તેમના ધર્મગુરુઓ પણ ઉપસ્થિત રહેશે. ૨૫ મીએ હરિદ્વાર, અયોધ્યા, જમ્મુ, કન્યાકુમારી, દ્વારકા, ત્રિપુરા આસામ સહિત અલગ અલગ તીર્થ, મઠના મહાન સંતો હાજર રહેશે. દ્વારકાના શંકરાચાર્ય સદાનંદ મહારાજ ઉપસ્થિત રહેશે. ૨૬મીએ સ્વામી નારાયણ સંત સાહિત્ય પર સાહિત્યકારો હાજર રહેશે. ૩૧મીએ ભારતના ૧૮ સંસ્કૃત યુનિવર્સિટીથી ફઝ આવશે, તમામ મોટા વિદ્વાન જેમના દર્શન માટે રાહ જોવી પડે છે એ હાજરી આપશે. ૧ જાન્યુઆરીએ બાળકો અને યુવાનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરશે. ૪ જાન્યુઆરીએ ગુજરાત ડેનો કાર્યક્રમ કરાશે. ૫ મિએ મહિલા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ, ૬, ૭, ૮, ૯ અને ૧૧ મીએ મિડલ ઈસ્ટનાં લોકો હાજર રહેશે. યુએસ અને કેનેડાના લોકો ૭ અને ૮મીએ. યુકે અને યુરોપના લોકો ૮મીએ, આફ્રિકા ડે ૯ મીએ ઉજવવામાં આવશે. ૧૧ મીએ એશિયા પેસિફિક ડે રહેશે. ૧૨ તારીખે અક્ષરધામ ડે, ૧૩ તારીખે સંગીત દિવસ, ૧૫ જાન્યુઆરીએ આ મહોત્સવની પૂર્ણાહુતિ થશે. ભારત અને વિદેશના તમામ પ્રસિદ્ધ લોકો હાજરી આપશે. નારી ઉત્કર્ષ મંડપમાં ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન રોજ મહિલા સંવાદ થશે. બે કોન્ફરન્સ હોલ છે, જેમાં ૨૧ પરિષદ થશે, ૧૪ પ્રોફેશનલ અને ૭ એકેડેમીક પરિષદ થશે.આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જાહેર કરવામાં આવી છે. એક મહિના સુધી મહોત્સવનું સ્થળ 'પ્રમુખસ્વામી મહારાજનગર' અનેકવિધ કાર્યક્રમોથી ગુંજતું રહેશે. પ્રમુખસ્વામી મહારાજના જીવન, કાર્ય અને સંદેશને કેન્દ્રમાં રાખીને દરેક દિવસના વિવિધ વિષયો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોજ મધ્યાહને અલગ-અલગ મહિલા કાર્યક્રમો, સવારે વિવિધ વિષયક એકેડેમિક કોન્ફરન્સ તથા એસોસિએશનોની કોન્ફરન્સ જેવા વિવિધ કાર્યક્રમોની ભરમાર રહેશે.

### અમદાવાદમાં ઓરીના વધતા કેસ સામે એક્શન પ્લાન

## ખાનગી ક્લિનિકમાં ફ્રી રસી અને બુસ્ટર ડોઝ આપવામાં આવશે, છેલ્લાં બે મહિનામાં ઓરીના ૩૦૦ કેસ

અમદાવાદ,

એક તરફ ભરશિયાળે ચોમાસા જોવું વાતાવરણ ઊભું થયું છે. ત્યાં બીજી તરફ અમદાવાદ સહિત ગુજરાતમાં ઓરીએ આતંક ફેલાવ્યો છે. ખાસ કરીને અમદાવાદના દવાખાનાઓ ઓરીના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. બાળકો સૌથી વધી આ રોગની ઝપેટમાં આવી રહ્યાં છે. આ સ્થિતિમાં તંત્ર દ્વારા ખાસ એક્શન પ્લાન પણ ઘઢી કાઢવામાં આવ્યો છે. જે અંતર્ગત ઓરીના કેસો વધતા અમદાવાદમાં છેલ્લાં ૨૦દિવસમાં ૭૦હજાર બાળકોને રસી આપવામાં આવી હતી.



છેલ્લાં બે મહિનામાં અમદાવાદ શહેરમાં ઓરીના ૩૦૦ કેસ નોંધાયા છે જ્યારે ચાલુ વર્ષે ઓરીના ૪૩૬ કેસ નોંધાયા હતા. ઓરીને કંટ્રોલમાં લેવા મ્યુનિ.એ ૨૦ દિવસમાં ૭૦ હજાર બાળકોનું વેક્સિનેશન કર્યાનો દાવો કર્યો છે. તેમજ કેન્દ્રની ટીમની સૂચના પ્રમાણે બુસ્ટરડોઝ આપવાની પણ તૈયારી શરૂ કરી છે. જ્યારે પીડીયાટ્રીક એસોસિએશનની મદદથી ૫૦ પ્રાઈવેટ ક્લિનીકમાં ઓરીની રસી નિશુલ્ક ઉપલબ્ધ કરાવાઈ હતી.

અમદાવાદ મનપાના જણાવ્યા અનુસાર, કેન્દ્રના આરોગ્ય વિભાગની ત્રણ સભ્યોની ટીમે પણ અમદાવાદના ઓરીગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈને બુસ્ટર ડોઝ આપવાની સલાહ આપી હતી. ઓરીના સૌથી વધુ કેસ દાણીલીમડા, બહેરામપુરા, સંકલિતનગર, સરખેજ,લાંભા, વટવા, જમલાપુર, દરિયાપુર, જુહાપુરા, ગોમતીપુરા, રખિયાલમાં નોંધાયા છે. તેમજ ૨૦ સપ્ટેમ્બરથી આંગણવાડીમાં જવાની સાથે મમતા દિવસ ઉજવી ૧૦ દિવસમાં ૧થી ૩ હજાર બાળકોનું રસીકરણ કરાયું હતું.

ઓરીના કેસો વધતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પરિપત્ર કરી સ્કૂલોને જાણ કરી છે કે, જે વિદ્યાર્થીમાં ઓરીના લક્ષણો જોવા મળે તેને તુરંત આઈસોલેટ કરવામાં આવે તેમજ તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જાણ કરવામાં આવે. કારણ કે ઓરી ચેપી રોગ હોવાથી અન્યના સંપર્કમાં આવવાથી તુરંત જ ફેલાતો હોવાથી અધિકારીઓએ કાળજી રાખવાની સુચના આપી છે.

## ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સાથે તેની સરહદ પર સ્થિતિ સ્થિર છે

નવીદિલ્હી,

અરુણાચાલ પ્રદેશના તવાંગમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલા ઘર્ષણ પર ભારતે આકરું વલણ અપનાવ્યું છે અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. આ બધા વચ્ચે ઘર્ષણ અને સરહદ વિવાદ પર ચીનનું પહેલું નિવેદન સામે આવ્યું છે અને ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સાથે તેની સરહદ પર સ્થિતિ સ્થિર છે. ભારત દ્વારા અરુણાચલ પ્રદેશના તવાંગમાં એલએસી પર ભારત અને ચીનના સૈનિકોના ઘર્ષણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ ચીને કહ્યું કે સરહદ પર સ્થિતિ સ્થિર છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું કે જ્યાં સુધી અમે સમજીએ છીએ, ચીન-ભારત સરહદની સ્થિતિ સમગ્ર રીતે સ્થિર છે. તેમણે વધુમાં કહ્યું કે રાજનયિક અને સૈન્ય ચેનલોના માધ્યમથી સરહદ મુદ્દે સતત વાતચીત ચાલુ છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સંસદમાં આ મામલે નિવેદન આપ્યું. પહેલા લોકસભા અને પછી રાજ્યસભામાં રક્ષામંત્રીએ નિવેદન આપ્યું. તેમણે સરહદ પર સ્થિતિની જાણકારી આપતા કહ્યું કે સરહદ પર ચીની સૈનિકો સાથે હાથાપાઈ થઈ. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ચીને સરહદ પર યથાસ્થિતિ બદલવાની કોશિશ કરી પરંતુ આપણા સૈનિકોએ બહાદુરી દેખાડતા તેમને પાછા ખદેડી મૂક્યા. રાજનાથ સિંહે કહ્યું કે ૯ ડિસેમ્બરના રોજ PLA ટુકડીએ તવાંગ સેક્ટરના યાંગ્ત્સે વિસ્તારમાં એલએસી પર અતિક્રમણ કરીને યથાસ્થિતિને એકતરફી રીતે બદલવાનો પ્રયત્ન કર્યો. ચીનના આ પ્રયત્નનો આપણી સેનાએ દ્રઢતા સાથે સામનો કર્યો. આ ઘર્ષણમાં હાથાપાઈ થઈ. ભારતીય સેનાએ બહાદુરીથી પીએલએને આપણા વિસ્તારમાં અતિક્રમણ કરતા રોકી અને તેમને તેમના કેન્દ્ર પર પાછા ફરવા માટે મજબૂર કર્યા. આ ઘર્ષણમાં બંને તરફથી કેટલાક સૈનિકોને ઈજા થઈ.

## અમદાવાદ એલજી મેડિકલ કોલેજનું નામ બદલવાની મંજૂરી, હવે નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ તરીકે ઓળખાશે

અમદાવાદ,

ગુજરાતમાં અમદાવાદમાં કોર્પોરેશન સંચાલી મેડિકલ કોલેજનું નામ બદલીને નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ કરવામાં આવશે તેના માટે નેશનલ મેડિકલ કમિશનના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડે મંજૂરી પણ આપી દીધી છે. જેના લીધે હવે મેડિકલ કોલેજનું નામ બદલીને હવે નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ કરી શકાશે.

એલજી હોસ્પિટલ સંકુલમાં આવેલી અમદાવાદ મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજનુ નામ બદલીને નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ રાખવાનો અમદવાદ મગાનગરપાલિકાએ ઠરાવ કર્યો રહતો. આ ઠરાવ મંજુરી અર્થે દિલ્હી ખાતે નેશનલ મેડિકલ કમિનશને મોકલી આપ્યો હતો. નેશનલ મેડિકલ કમિનશના એસેસમેન્ટ ન્ડ રેટિંગ બોર્ડ તા. ૫૫૧૨૫૨૦૨૨ના પત્રથી આ ઠરાવ માન્ય રાખતા પત્ર લખી એણસી જાણ કરી છે. આમ હવે એલજી મેડિકલ કોલેજ નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ તરીકે ઓળખાશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા અમદાવાદમાં આવેલા સૌથી મોટા સરદાર પટેલ સ્ટેડીયમનું નામ બદલીને નરેન્દ્ર મોદી કરવામાં આવ્યુ હતુ. જેને લઈને ઘણો વીરોધ પણ થયો હતો. તો તેની નારાજગી પણ જોવા મળી હતી.

## આજથી નવી સરકાર એક્શન મોડમાં : આ વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટ યોજાશે નહીં, સતત બીજા વર્ષે ઈન્વેસ્ટર સમિટ રદ

ગાંધીનગર,

સોમવારે ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે શપથ ગ્રહણ કર્યા હતા. ત્યાર બાદ કેબિનેટની બેઠક મળી હતી, જેમાં મંત્રીઓને તેમનાં ખાતાંની ફાળવણી કરાઈ હતી. ત્યારે આજે મંગળવારે ૧૩ ડિસેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલ પહોંચ્યા હતા. તેમણે મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ઉપરાંત તેમના મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લેશે. આ પહેલાં કુબેર ડિંડોરે ચાર્જ લીધો હતો. ૪-૨૦ સમિટ હોવાને કારણે વાઈબ્રન્ટ સમિટ યોજાશે નહીં. કોરોનાની ભીતિને કારણે વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરી માસમાં પણ વાઈબ્રન્ટ સમિટ રદ થઈ હતી.

૨૦૦૩માં શરૂ થયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત' સમિટ દર બે વર્ષે યોજાતો ઉદ્યોગ મેળાવડો છે. અત્યારસુધીમાં નવ વખત 'વાઈબ્રન્ટ ગુજરાત' બિઝનેસ સમિટ યોજાઈ ચૂકી છે. જ્યારે જાન્યુઆરી ૨૦૨૨માં ૧૦મી સમિટ યોજાવાની હતી, જેના માટે મેગા સેલિબ્રેશનનો પ્લાન હતો. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશવિદેશના મહાનુભાવોને આમંત્રિત કરવાની યોજના હતી, પરંતુ ગુજરાતમાં કોરોનાની વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સમિટનું આયોજન નહીં કરવાનો નિર્ણય કર્યો હતો.

## ભારતમાં ચાઈનીઝ પ્રભાવ, ૩૫૬૦ ભારતીય કંપનીમાં ચાઈનીઝ ડાયરેક્ટર !

નવીદિલ્હી,

જે રીતે ભારતની સરહદ પર ચીન સાથેના સંબંધો (ઈન્ડિયા ચાઈના બોર્ડર કલેશ) કઠિન થઈ રહ્યા છે, તે જોતા લાગે છે કે ભારત ટૂંક સમયમાં મોટો નિર્ણય લઈ શકે છે, પરંતુ સરકારે સંસદમાં ચીન સાથે સંબંધિત ડેટા રજૂ કર્યા તે ખરેખર ચોંકાવનારા છે. . સંસદમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં લગભગ ૨૦૦ ચીની કંપનીઓ વિદેશી કંપનીઓ તરીકે નોંધાયેલી છે અને એ પણ, ભારતીય કંપનીઓમાં ચીની ડિરેક્ટરો દેશની ૩,૫૦૦ થી વધુ કંપનીઓમાં હોલ્ડિંગ ધરાવે છે. હવે તમે સમજી શકશો કે દેશની કંપનીઓમાં ચીનની દખલગીરી કેટલી વધી ગઈ છે. આવો તમને એ પણ જણાવીએ કે સરકાર દ્વારા સંસદમાં ચીન સાથે સંબંધિત કેવા પ્રકારના આંકડા રજૂ કરવામાં આવ્યા છે.

સંસદમાં ચોંકાવનારો આંકડો રજૂ કરતા સરકારે કહ્યું કે ૩,૫૬૦ ભારતીય કંપનીઓમાં ચીનના ડિરેક્ટર છે. કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે દેશમાં ૧૭૪ ચીની કંપનીઓ વિદેશી કંપનીઓ તરીકે નોંધાયેલી છે, જેનો મંત્રાલય સાથે ભારતમાં બિઝનેસ છે.

તેમણે કહ્યું કે ઝદ્ગસ ડેટાબેઝ મુજબ ભારતમાં ૩,૫૬૦ કંપનીઓ એવી છે કે જેમાં ચીની ડિરેક્ટર છે. ચાઈનીઝ રોકાણકારો/શેરહોલ્ડરો ધરાવતી કંપનીઓની સંખ્યા આપવી શક્ય નથી કારણ કે એમસીએ (કોર્પોરેટ બાબતોના મંત્રાલય)માં ડેટા અલગથી રાખવામાં આવતો નથી. કોર્પોરેટ ડેટા મેનેજમેન્ટ (CDM) પોર્ટલને મંત્રાલય દ્વારા ઈન-હાઉસ ડેટા એનાલિટિક્સ અને બિઝનેસ ઈન્ટેલિજન્સ યુનિટ તરીકે વિકસાવવામાં આવ્યું છે.

સરકારે કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નિર્ધારિત કેટલાક નિયમો અને ફોર્મમાં સુધારો કર્યો છે, જેથી કંપનીઓના નિગમન, નિર્દેશકોની નિમણૂક, જામીનગીરીના ઈશ્યૂ અને ટ્રાન્સફર અને પતાવટ, વ્યવસ્થા અને એકીકરણ એવા કેસોમાં જ્યાં જમીનની સરહદો દેશની સંસ્થાઓ છે. મંત્રીએ કહ્યું કે આવા સુધારાઓ દ્વારા જાહેરાત માટે નવી આવશ્યકતાઓ પૂરી પાડવામાં આવી છે, આવા કિસ્સાઓમાં, ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (નોન-ડેટ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ) નિયમો, ૨૦૧૯ અથવા ગૃહ મંત્રાલય, ભારત હેઠળ પ્રાપ્ત સરકારી મંજૂરી વિશે સુરક્ષા મેળવવાનો સમાવેશ થાય છે.



# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# સંતરામપુર તાલુકામાં શિયાળાની ઠંડી પડતાં ખેડુતો માટે લાભદાયક



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો માટે રવિ પાકમાં વધારો શિયાળ અને ઠંડી શરૂ થતા જ અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડી વધુ પડવાથી ખેડૂતો માટે સૌથી મોટો આશીર્વાદ રૂપ સમાન છે. સંતરામપુર તાલુકાના ગામડાઓમાં ખેડૂતો વિવિધ પ્રકારના ખેતી કરતા હોય છે. જેમાં ઘઉં, ચણા વિવિધ પાકોમાં ઠંડીના કારણે સારો પાક ઉતરતો હોય છે. સૌથી વધારે ઘઉં અને ચણામાં આ વખતે ખેડૂતોને લાભદાયક નિવડશે વરસાદ સારો હોવાના કારણે નદી નાળા અને કુવાઓ પણ પાણી હોવાના કારણે ખેડૂતો માટે ચોમાસા કરતા પણ શિયાળુ પાકમાં ફાયદો જોવા મળી રહેલો છે. આ વખતે મોટી સંખ્યામાં ડાંગરના પાકમાં પણ સારો પાક મેળવ્યો હતો. આ જ રીતે ચણા અને ઘઉં સંતરામપુર તાલુકાના ગામડાઓમાં સૌથી વધારે જોવા મળી રહ્યો છે અને આ વખતે દરેક ચાયડાઓને ખેતરો પાકથી ભરપૂર જોવાઈ રહ્યા છે.

## દાહોદ કોર્ટમાં મદદનીશ સરકારી વકીલની નિમણુંક માટે અરજીઓ

દાહોદ, દાહોદ જિલ્લા કોર્ટ ખાતે કુલ ૭ મદદનીશ સરકારી વકીલ/અડીપીપીઓની નિમણુંક માટે વકીલ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે લાયકાત તરીકે મદદનીશ સરકારી વકીલ/અડીપીપી, જિલ્લા કોર્ટ કે હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે ઓછામાં ઓછા ૭ વર્ષથી સક્રિય હોય, ઉમેદવાર ૫૫ વર્ષથી વધુ ઉંમરના ન હોવા જોઈએ તેમજ પોતાની નિમણુંકના ઓછામાં ઓછા ૩ વર્ષ પુર્વેની મુદ્દત માટે આવકવેરા કરદાતા હોવા જોઈએ. આ જગ્યાઓ માટે ઉમેદવારો નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ ઉમેદવારી માટેની અરજી અત્રેની કલેકટર કચેરી દાહોદની અધિક ચીટનીશ શાખાના કાયદા દફતરેથી કામકાજના દિવસો દરમિયાન મેળવી લેવાની રહેશે. અથવા નિયત થયેલા નમુનાના અરજી પત્રકમાં અરજી કરવાની રહેશે. ભરેલ અરજી ફોર્મમાં જન્મ તારીખ, અનુભવ, શૈક્ષપિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, તથા છેલ્લા વર્ષના આવકવેરા રિટર્ન સામેલ રાખીને કલેકટર કચેરી દાહોદને મોડામાં મોડુ તા.૩૦ ડિસેમ્બર સુધીમાં મળી જાત તે રીતે મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી, નિયમ નમુના સિવાયની તથા નિયમ સમયમર્યાદા બાદ મળેલી અરજીઓને વિચારણામાં લેવાશે નહિ. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગનના ઉમેદવારોને નિયમોનુસાર અગ્રતા આપશે. સદરહુ જાતિના ઉમેદવારોએ જાતિ અંગેની સંપુર્ણ વિગતો અરજીમાં આપવી તથા જાતિ અંગેના સક્ષમ સત્તાધિકારીઓના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અરજી સાથે સામેલ રાખવી.

## ગોધરા તાલુકાના કાંકણપુર અર્થક્ષમ સેવા મંડળીના ચેરમેન દ્વારા ૧૩.૩૦ લાખની ઉચાપત કરતા ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના કાંકણપુર અર્થક્ષમ સેવા સહ મંડળીમાં ચેરમેન તરીકે પુજાભાઈ લાલાભાઈ મહેરા ફરજ બજાવતા હતા જેઓ મંડળીમાં આવતી જીવન જરૂરી વસ્તુઓ તથા ખાતર બિયારણ અને ખેતીના ધિરાણ કરીને ગ્રાહકોનને વેચાણ કરતા હતા. જેના વ્યાપાર સંબંધિ ખરીદ-વેચાણના આવક્ના હિસાબો પોતે રાખતા હતા ત્યારે ઓડિટમાં રૂ.૧૩,૩૦,૯૬૩/-ની કાયમી ઉચાપત કરી હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જે સંદર્ભે પુજાભાઈ લાલાભાઈ મહેરા તા.૪ એપ્રિલ ૨૦૧૮થી તા.૧૮ એપ્રિલ ૨૦૧૯ દરમિયાન જુદી જુદી તારીખોમાં કુલ રૂ.૨,૪૯,૨૬૧/-જમાં કરાવ્યા હતા. જયારે રૂ.૧૦,૮૧,૭૦૨/- પોતાના અંગત ખર્ચમાં વાપરી કાઢ્યા હોવાથી તેઓને તાત્કાલિક હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા હતા દરમિયાન અનોપસિંહ દલપતસિંહ રાઉલજીએ ચેરમેન તરીકે નિયુકત કરવામાં આવતા તેમણે કાંકણપુર પોલીસ મથકે આ ઉચાપત અંગે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે કાંકણપુર પોલીસ દ્વારા પુજાભાઈ લાલાભાઈ મહેરા વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## કાલોલના ખડકી ગામે છ વર્ષ અગાઉ મારામારીના બનાવમાં આરોપીને કસુરવાર ઠેરવી બે માસની સજા ફટકારતી કોર્ટ

કાલોલ, કાલોલ તાલુકાના ખડકી ગામે છ વર્ષ અગાઉના મારામારીના બનાવમાં આરોપીને કસુરવાર ઠરાવી કાલોલ કોર્ટે બે માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. કાલોલ તાલુકાના ખડકી ગામે રહેતા સુર્યાબેન સાથે છ વર્ષ પહેલા ગામમાં રહેતા શંકરભાઈ અમરાભાઈએ વાડામાંથી જવા બાબતે ઝઘડો કરી ગાળો બોલી ઈંટ મારતા ઝઘડામાં વચ્ચે પડેલા સુરેન્દ્રભાઈને માથામાં વાગી હતી. ત્યારબાદ શંકરભાઈએ મારી નાંખવાની ધમકી આપતા જે બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરતા કાલોલ એડિ.ચીફ જયુડિ.મેજી.ની કોર્ટમાં કેસ ચાલી જતા મદદનીશ સરકારી વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને જયુડિ.મેજી.એમ.વાય. રાધનપુરવાળાએ શંકરભાઈ અમરાભાઈને કસુરવાર ઠરાવીને બે માસની સાદી કેદની સજા અને રૂ.૫૦૦નો દંડનો હુકમ કર્યો હતો.

## સંજેલી મીલવાળી ચાલીથી બસ સ્ટેન્ડ જવાના માર્ગ ઉપર કાદવ-કિચડથી લોકો પરેશાન

સંજેલી, દાહોદ જિલ્લાના સંજેલી ખાતે મીલવાળી ચાલીમાંથી પસાર થતાં નવા બસ સ્ટેશન તરફ જવાના રસ્તા પર ગટરના ગંદા પાણીનો નિકાલ ન થતાં રોડ પર પાણીના ખાબોચિયાઓ અને કાદવ/કિચડ ભરાઈ રહે છે. તેમજ રોડ પણ છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હોઈ ઠેર ઠેર ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

સંજેલી નગરમાં ગટરના પાણીના યોગ્ય નિકાલની કોઈ જ સુવિધા નથી. નગરમાં ભુગર્ભ કે પાકી ગટરની સુવિધા ન હોવાના કારણે નગરના રસ્તાઓ પર બારેમાસ ગટરના ગંદા પાણી રેલાતા રહે છે. જેના કારણે ગંદકી અને ગંદા પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. રોડ પર ભરાઈ રહેતા ગંદા પાણીના કારણે સ્થાનિક રહિશો હેરાન પરેશાન થઈ ગયા છે. આ બાબતે વારંવાર સંજેલી પંચાયતમાં રજુઆતો કરવા છતાં પણ પાકી ગટરો અને ગંદા પાણીના યોગ્ય નિકાલની કામગીરી કરાતી નથી. નવા બસ સ્ટેશન જવાના રસ્તા પર બારેમાસ કાદવ-કિચડ અને ગટરના ગંદા પાણી ભરાઈ રહે છે. સ્થાનિક રહિશો દ્વારા ૧૫ દિવસનુ અલ્ટિમેટમ આપી વહેલી તકે કાર્યવાહી કરવામાં નહિ આવે તો રસ્તો બંધ કરી દેવાની તેમજ જરૂર પડે તો સંજેલી પંચાયતને તાળાબંધી કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજનાનો લાભ લેવા e-KYC કરવું ફરજિયાત

મહિસાગર, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ થી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સરકાર દ્વારા આ યોજના અંતર્ગત વાર્ષિક રૂ. ૬,૦૦૦/- ત્રણ હપ્તાઓ પેટે ખાતેદાર ખેડૂતના બેંક એકાઉન્ટમાં DBT મારફત જમા કરવામાં આવે છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર તરફથી મળેલ સૂચનાઓ મુજબ આગામી હપ્તાઓનો લાભ લેવા માટે લાભાર્થી ખેડૂતને e-KYC કરાવવું ફરજીયાત છે. જે મુજબ e-KYC કરાવવા માટેની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૨૨ હોય જે ધ્યાને લઈ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં લાભ લેતા તમામ લાભાર્થીઓને e-KYC કરાવવા નીચે મુજબ અમલવારી કરવાની રહેશે. e-KYC થયા સિવાય લાભાર્થી આગામી હપ્તો મેળવી શકાશે નહિ.

e-KYC કરાવવા માટે લાભાર્થી ખેડૂતે નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર જઈ બાયોમેટ્રિક દ્વારા e-KYC કરી શકાશે. આ ઉપરાંત અન્ય રીતે પી.એમ.કિસાન યોજનાની વેબસાઈટ https://pmkisan.gov.in પોર્ટર પર Farmer Corner e-KYC માં જઈ લાભાર્થી ખેડૂત OTP મારફત પોતાની જાતે અપડેટ કરી શકશે. જેના માટે લાભાર્થી ખેડૂતના આધાર કાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરેલ હોવા આવશ્યક છે. e-KYC કરાવવા માટે લાભાર્થી ખેડૂતે ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેન્કની શાખામાં જઈ બાયોમેટ્રિક દ્વારા e-KYC કરી શકાશે તેમજ ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેન્કની શાખા આધાર કાર્ડ સાથે ખેડૂતનો મોબાઈલ નંબર પણ લિંક કરી આપશે. વધુ માહિતી માટે તાલુકા પંચાયત તેમજ આપના ગામના તલાટી, ગ્રામ સેવક, વી.સી.ઈ. નો સંપર્ક કરવા તેમજિલ્લા ખેતીવાડી અધિકારી, મહિસાગરની યાદી જણાવે છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્યો અને શિક્ષકોના શિલ્પપૂર્ણ પ્રચાસો દર્શાવવા માટે SLC ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન વિષયના કાર્યકારી નમૂનાઓ અને ચાર્ટ સ્પર્ધામાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય સ્તરના હતા. વધુ મહત્ત્વની વાત એ છે SLC ઈવેન્ટમાં માતા-પિતા અને મુલાકાતીઓ મોટી સંખ્યામાં તેઓ આવ્યા હતા.**

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યાલયમાં પુજા કરીને આજથી પોતાનો પદભાર સંભાળ્યો, અન્ય મંત્રીઓએ પણ કાર્યભાર સંભાળી લીધો

ગાંધીનગર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવીને સતત બીજીવાર મુખ્યમંત્રીપદનો કાર્યભાર મંગળવારે તા. ૧૩મી ડિસેમ્બરે સવારે શુભ મૂહુર્તમાં વિધિવત સંભાળ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં ભૂપેન્દ્ર પટેલે સીમંધર સ્વામીની મૂર્તિ તથા પૂજ્ય દાદા ભગવાનના શ્રીચરણોમાં ભાવપૂષ્પ અર્પણ કરીને રાજ્યનું જનસેવા દાયિત્વ આજથી સંભાળી લીધું છે.

## ઝાલોદ તાલુકાના લીમડી મુકામે સનાતનની પરંપરાના વિચારો અને યુગ પરિવર્તન અંગે કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, ગાયત્રી પરિવાર હોલ લીમડી ખાતે એક સનાતનના વાહક એવા સત્સંગી મિત્રો સાથે સત્સંગ બેઠક મળી હતી. જેમાં યુગ પરિવર્તન કેમ જરૂરી છે. મનુષ્ય યોનીનુ મહત્વ તથા સનાતન વિચારોથી જગતનુ કલ્યાણ કેવી રીતે થઈ શકે છે એ બાબતે ગહન ચિંતન કરવામાં આવ્યું હતું. આ અગત્યના પરંતુ સંવાદમા મુખ્ય અતિથિ તરિકે પ્રોજેક્ટ યુગ પરિવર્તન સિનર્જી પ્લેટફોર્મ ના સંસ્થાપક દિલ્હીથી ડો.હિતેશ ચંદેલજી ઉપસ્થિત રહ્યા હતાં. મહેમાનોનુ મલુભાઈ ભુરિયા અને જયંતિભાઈ પરમારએ સ્વાગત કર્યુ હતું. આજના આ કાર્યક્રમમા રાષ્ટ્ર ધર્મ પ્રેમી મિત્રો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન અજિતદેવ પારગી દ્વારા કરવામાં આવ્યું હતું. અજીતદેવ પારગી દ્વારા છેલ્લે સમગ્ર પ્રોગ્રામને સંચાલિત કરવામાં મને સહભાગી બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો.

## હાલોલ શીવ વાટીકા સોસાયટી પાસે સ્કુટરમાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ સાથે ઈસમ ઝડપાયો



હાલોલ, હાલોલ શીવ વાટીકા સોસાયટીના નાકા પાસે સ્કુટર ઉપર થેલામાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ કિંમત ૪૮,૨૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ શીવ વાટીકા સોસાયટીના નાકા પાસેથી એકસેટ સ્કુટર નંબર જીજે.૧૭.સીસી.૬૮૯૩ ના ચાલક બીપીન વસંતભાઈ પ્રજાપતિ રહે. કંજરી રોડ, ઝેવરનગર થેલામાં ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૮૭ કિંમત ૨૮,૨૩૦/- રૂપીયા તેમજ સ્કુટર મળી ૪૮,૨૩૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આપની આજ.......

મેષ : આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ : આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન : આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

કર્ક : આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો, પરંતુ કોઈ પરિચિતના સહયોગથી મળેલા ફાયદાને કારણે લાભ દૂર થશે.પરિવાર પ્રત્યે વધુ ભાવનાશીલ બનશો.

સિંહ : દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા : આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા : દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. સાંસારિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાને કારણે તમારે પોતાને અવગણવું પડી શકે છે.

વૃશ્ચિક : ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે.

ધનુ : આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર : આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો. બપોર પછી તમને આર્થિક મામલામાં સફળતા મળશે. મુસાફરી પર્યટન માટેની કોઈ યોજના બનશે.

કુંભ : આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન : આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

## ડોકલામ-લદાખ પછી હવે તવાંગ, આખરે શું ચાલી રહ્યું છે ચીનના મન માં?

# ૯ ડિસેમ્બરે ચીને ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો : રાજનાથસિંહ



નવીદિલ્હી, ડોકલામ અને લદાખ બાદ હવે ચીને તવાંગમાં પણ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે, જે બાદ ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ છે. ૯ ડિસેમ્બરે પેટ્રોલિંગ દરમિયાન બંને દેશોની સેના આમને-સામને આવી ગઈ હતી. મળતી માહિતી મુજબ આ વિવાદ ચીન તરફથી શરૂ થયો હતો. ત્યારબાદ ભારતીય સૈનિકોએ જવાબી કાર્યવાહી કરી અને ૩૦૦ ચીની સૈનિકોનો પીછો કર્યો.જેમાં ૨૦-૩૦ સૈનિકો ઘાયલ થયા હતા. આ અથડામણ તવાંગ સેક્ટરમાં ત્યારે થઈ જ્યારે બંને દેશોની સેના પેટ્રોલિંગ દરમિયાન એકબીજાની સામે આવી ગઈ. ચીનની સેના એલએસી સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી. તે જ સમયે, ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોનો મજબૂતીથી સામનો કર્યો. આ અથડામણ ૯ ડિસેમ્બરે થઈ હતી. એક સૂત્રએ જણાવ્યું કે, તવાંગ સેક્ટરમાં એલએસી પર ૯ ડિસેમ્બરે પીએલએ સૈનિકો સાથે અથડામણ થઈ હતી. અમારા સૈનિકોએ નિશ્ચય સાથે ચીની સૈનિકોનો સામનો કર્યો. આ અથડામણમાં બંને પક્ષના કેટલાક સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષો તરત જ વિસ્તારમાંથી પીછેહઠ કરી ગયા હતા.ચીન અરુણાચલ પ્રદેશના તવાંગને તિબેટનો ભાગ માને છે. ચીનની ફાઈવ ફિંગર્સ ઑફ તિબેટ નીતિમાં તવાંગનો પણ સમાવેશ થાય છે. ૨૦૧૭માં ડોકલામમાં પણ ચીનની ફાઈવ ફિંગર્સ પોલિસી હેઠળ ઘૂસણખોરી થઈ હતી. લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી પણ ફાઈવ ફિંગર્સ પોલિસીનો એક ભાગ હતો.જે સમયે અથડામણ થઈ તે સમયે તવાંગમાં ભારતના માત્ર ૧૦૦ સૈનિકો તૈનાત હતા. ચીની સૈનિકો પૂરી તૈયારી સાથે આવ્યા હતા. બંને દેશો વચ્ચે ૯ અને ૧૧ ડિસેમ્બરે અથડામણ થઈ હતી. આ દરમિયાન ભારતીય સૈનિકોએ ચીનના ૧૨ સૈનિકોને પકડી લીધા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અથડામણમાં બંને તરફથી જવાનોના હાથ અને પગના હાડકાં તૂટી ગયા છે. બંને તરફથી ૫૦૦ સૈનિકો હતા. જેમાં ભારતીય સૈનિકોએ ચીનના ૩૦૦ સૈનિકોનો પીછો કર્યો હતો.આ અથડામણમાં મોટાભાગના ચીની સૈનિકો ઘાયલ થયા છે. અથડામણ બાદ બંને દેશના સૈનિકો પાછળ હટી ગયા હતા. બીજી તરફ, ભારતીય સૈનિકો જેમની હાલત વધુ ગંભીર છે, તેમને સારવાર માટે ગુવાહાટી, લેહ મોકલવામાં આવ્યા છે.

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે આજે એટલે કે મંગળવારે, અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં ચીની સેના સાથેની અથડામણના મુદ્દે તેમના નિવાસસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં એનઆઈએ અજીત ડોભાલથી સીડીએસ અને આર્મી ચીફ હાજર હતા. રાજનાથે કહ્યું કે, ચીની પક્ષને આવી કાર્યવાહી માટે મનાઈ કરવામાં આવી હતી અને સરહદ પર શાંતિ જાળવવા કહ્યું હતું. રાજદ્વારી સ્તરે ચીનની સાથે આ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. રાજનાથ સિંહે પોતાના નિવેદનમાં કહ્યું કે, આ ઘટના બાદ વિસ્તારના સ્થાનિક કમાન્ડરે સ્થાપિત વ્યવસ્થા હેઠળ ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પોતાના ચીન સમકક્ષ સાથે ફ્લેગ મીટિંગ કરી હતી અને ઘટના અંગે ચર્ચા કરી હતી.રાજનાથે વધુમાં કહ્યું કે, હું આ ગૃહને આશ્વાસન આપવા માંગુ છું કે અમારી સેના અમારી પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને તેમની વિરુદ્ધ કોઈપણ પ્રયાસને રોકવા માટે હંમેશા તૈયાર છીએ. મને ખાતરી છે કે આ ગૃહ સર્વસંમતિથી આપણા દળોની બહાદુરી અને હિંમતને સમર્થન આપશે. દરમિયાન અરુણાચલ પ્રદેશના તવાંગમાં ભારત અને ચીની સૈનિકો વચ્ચે ઘર્ષણને લઈને સંસદમાં વિપક્ષી સભ્યોનો હંગામો સતત ચાલુ છે અને વિપક્ષ પીએમ નરેન્દ્ર મોદી પાસેથી જવાબની માંગ પર અડગ છે. આ બધા વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સંસદમાં આ મામલે નિવેદન આપ્યું. પહેલા લોકસભા અને પછી રાજ્યસભામાં રક્ષામંત્રીએ નિવેદન આપ્યું. તેમણે સરહદ પર સ્થિતિની જાણકારી આપતા કહ્યું કે સરહદ પર ચીની સૈનિકો સાથે હાથાપાઈ થઈ. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ચીને સરહદ પર યથાસ્થિતિ બદલવાની કોશિશ કરી પરંતુ આપણા સૈનિકોએ બહાદુરી દેખાડતા તેમને પાછા ખદેડી મૂક્યા. અરુણાચલ પ્રદેશના તવાંગમાં તાજેતરમાં થયેલા ચીનના સૈનિકો સાથેના ઘર્ષણ મુદ્દે રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે લોકસભામાં નિવેદન આપ્યું. રાજનાથ સિંહે કહ્યું કે ૯ ડિસેમ્બરના રોજ પીએલએ ટુકડીએ તવાંગ સેક્ટરના યાંગ્ત્સે વિસ્તારમાં એલએસી પર અતિક્રમણ કરીને યથાસ્થિતિને એકતરફી રીતે બદલવાનો પ્રયત્ન કર્યો. ચીનના આ પ્રયત્નનો આપણી સેનાએ દ્રઢતા સાથે સામનો કર્યો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ રીક્ષામાં મુસાફરની રહી ગયેલ બેગ રીક્ષા ચાલકે ભારે જહેમત બાદ માલિકને સોંપી

દાહોદ,

દાહોદ શહેરમાં એક રીક્ષા ચાલકે પ્રેરણારૂપ દાખલો બેસાડ્યો છે. દાહોદ રેલ્વે સ્ટેશનથી ઉતરી એક દંપતિ તેમના સંતાનો સાથે એક ઓટો રીક્ષામાં બેઠા હતા અને ઓટો રીક્ષામાં રોકડ રકમ ભરેલ બેગ, પાસપોર્ટ વિગેરે જેવા અગત્યના દસ્તાવેજો ભરેલ બેગ રીક્ષામાંજ રહી જતાં આ બેગ રીક્ષા ચાલકે ભારે જહેમત બાદ પરત તેના માલીકને કરતાં સૌ કોઈએ રીક્ષા ચાલકની ઈમાનદારીને વધાવી લીધી હતી.



દાહોદ શહેરના ગોવિંદનગર વિસ્તારમાં અશોક એપાર્ટમેન્ટમાં રહેતાં સત્યમ શરદચંન્દ્ર શેઠ તેમની પત્નિ રેહાબેન તથા બે દિકરી હીર અને હીયા એમ આ દંપતિ સીંગાપુર ગયાં હતા અને સીંગાપુરથી પરત બોમ્બે ખાતે આવી બોમ્બેથીથી દાહોદ રેલ્વે મારફતે ઝાંસી બાંન્દ્રા ટ્રેન મારફતે પરત વતન દાહોદ ખાતે આવી રહ્યાં હતાં અને ગઈકાલે દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે ઉતરી બહાર એક રીક્ષામાં બેઠા હતા ત્યારે રીક્ષાની પાછળ તેઓએ પોતાની બેગ મુકી હતી. આ બેગમાં સીંગાપુર ડોલર, રૂપીયા, પાસપોર્ટ, આઈસી, લેપટોપ વિગેરે અન્ય અગમ્યના દસ્તાવેજો ભરેલ હતાં. રીક્ષા ચાલકે તેઓને તેઓના નિવાસ્થાને ઉતારી ત્યાંથી ઓટો રીક્ષા ચાલક રવાના થઈ ગયાં હતાં ત્યારે મોડી રાત્રીના અઢી વાગ્યાના આસપાસ શરદચંન્દ્ર શેઠને તેઓની બેગ યાદ આવી હતી અને પોતે આ બેગ રીક્ષામાં ભુલી ગયાં હોવાનું માલુમ પડ્યું હતું. આ બાદ શરદચંદ્ર અને તેમના સગા સંબંધીઓ દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પહોંચ્યાં હતાં અને રેલ્વે પોલીસને પણ આ મામલે જાણ કરી હતી ત્યારે રીક્ષા ચાલકે પોતાની રીક્ષામાં અન્ય એક સવાર ભરી જતા હતાં અને ત્યારે આ બેગ તેઓને નજરે પડતાં આ બેગ અન્ય રીક્ષામાં સવાર વ્યક્તિની પણ નહીં હોવાનું માલુમ પડ્યું હતું ત્યારે આ બેગ પહેલા એટલે કે, શરદચંન્દ્ર શેઠને જ્યારે રીક્ષામાં બેસાડ્યાં હતાં તેઓની હશે તેવું લાગતાં અને આ રીક્ષા ચાલકે શરદચંન્દ્ર શેઠના ઘરે ગયાં હતાં જ્યાં શરદ ચંન્દ્રને પરત તેઓની બેગ પરત કરતાં શરદચંન્દ્ર અને તેઓના પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. આ રીક્ષાના ચાલક સીકંદર કૈયા દાહોદના મોટાઘાંચીવાડા ખાતે રહે છે અને સીકંદર કૈયાની આ ઈમાનદારી જોઈ સૌ કોઈએ તેઓની ઈમાનદારીને વધાવી લીધી હતી. રીક્ષા ચાલકને યોગ્ય પુરસ્કારથી સન્માનિત પણ કરવામાં આવ્યાં હતાં.

# ગરબાડા જેસાવાડા પોલીસ કર્મચારીઓને ચુંટણીમાં કામગીરી બદલ પ્રશંસાપત્ર એનાયત કરાયા



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના જેસાવાડાના પોલીસ કર્મીને વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કામગીરી બદલ દાહોદ જિલ્લા આઈપીએસ દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરાયું.

૫ ડિસેમ્બરના રોજ યોજાયેલી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ દરમિયાન અનિલભાઈ બળવંતભાઈને જિલ્લા ચૂંટણીને લગત વડી કચેરીઓના પત્ર વ્યવહાર તેમજ જિલ્લાના ચૂંટણી લડત ડેલી રિપોર્ટ તેમજ મીટીંગને લગતી તમામ કામગીરી સમય મર્યાદામાં કરી વિસ્તારમા ચૂંટણી બાબતની સંવેદનશીલતાને ધ્યાનમાં લઈને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા ને જાળવણી પડકારરૂપ કરી હતી. પરંતુ તેઓની મહેનત અને સનિષ્ઠ પ્રયાસોથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિથી પસાર કરી જેના પરિણામે એક પણ નાનો સરખો પણ અનિચ્છનીય બનાવ બનવા દીધેલ નહીં. જે કામગીરી ખરેખર સરાહનીય અને બિરદાવતા જેસવાડા પોલીસ મથકે ફરજ બજાવતા એ.એસ આઈ. બજાવતા અનિલભાઈ બળવંતભાઈને દાહોદ પોલીસ અધિક્ષક બલરામ મીના દ્વારા પ્રશસાપત્ર આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ગરબાડા પોલીસ મથકે ASP જગદીશ બાગરવા દ્વારા વાર્ષિક ઈન્સપેક્સન કરવામાં આવ્યું



ગરબાડા,

ગરબાડા પોલીસ મથકે આજે વહેલી સવારથી જ દાહોદ જિલ્લા ASP જગદીશ બાગરવા દ્વારા ગરબાડા પોલીસ મથકના પોલીસ કર્મીઓ તેમજ ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઇ જે.એલ. પટેલની ઉપસ્થિતિમાં વાર્ષિક ઈન્સ્પેન્કસન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા પોલીસ મથકને વર્ષ દરમિયાન કરેલ કામગીરી તેમજ રેકોર્ડની સમીક્ષા કરવામાં આવી હતી અને પોલીસ કર્મીઓના ફિટને નોટ રીડિંગ અને પરેડ પણ કરવામાં આવી હતી અને દાહોદ જિલ્લા એસપી જગદીશ બાગરવા દ્વારા પોલીસ કર્મીઓને અગત્યની સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જેમાં ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઇ જે.એલ. પટેલ તેમજ તાલુકા પોલીસ મથકના પોલીસ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# ધાનપુર પાટડી ખાતે કલસ્ટર કક્ષાના ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું



ધાનપુર,

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ દ્વારા પ્રેરિત "ટેકનોલોજી અને રમકડાં" મુખ્ય વિષય આધારીત કલસ્ટર કક્ષાનું ગણિત–વિજ્ઞાન–પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨ પટેલ ફળીયા વર્ગ ધાનપુર (દુ) પ્રા.શાળા મુકામે યોજાયું હતું. જેમાં કુલ પાંચ વિભાગમાં ૧૪ જેટલી કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. ભાગ લેનાર તમામ પ્રા.શાળાઓને સી.આર.સી.કો. ઓર્ડિનેટર મુકેશભાઈ પરમાર દ્વારા પ્રમાણપત્ર આપી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘના ઉપાધ્યક્ષ પદ્મવીબેન પટેલ પગાર કેન્દ્રના આચાર્ય કૌશિકભાઈ પિઠાયા તથા વાવડી ફ.ના આચાર્ય જસવંતભાઈ જાટવા તેમજ પેટા શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળ વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા.

# ઝાલોદ નગરમાં શ્યામ બાબાની ભવ્ય ભજન સંધ્યાનું આયોજન અગ્રવાલ પરિવાર તરફથી કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં નરેશકુમાર બનારસીલાલ અગ્રવાલ દ્વારા તેમના પુત્ર અંકિતને ત્યાં પુત્ર થતાં જળવા પૂજન સંદર્ભે ભવ્ય શ્યામ ભજન સંધ્યાનું આયોજન કરાયું હતું. આ ભજન સંધ્યામાં દેવાસ થી આવેલ રજનીશજી મહારાજની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સહુ કોઈ શ્યામ ભક્તોએ તેમના આશીર્વાદનો લ્હાવો લીધો હતો. શ્યામ ભજન સંધ્યામાં શ્યામ જગતના ખ્યાતનામ કલાકાર જયપુરના અભિષેક નામાને બોલાવવામાં આવેલ હતા. અભિષેક નામાં દ્વારા બાબા શ્યામના ભવ્ય દરબાર અને જ્યોત દર્શનની વચ્ચે પ્રસિદ્ધ ભજનો દ્વારા ભાવિક ભક્તોને ભક્તિના રંગમાં ઝુમી ઉઠ્યા હતા. સહુ કોઈ શ્યામ પ્રેમી ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા અને બાબા શ્યામના દરબારમાં સહુ કોઈ શ્યામ પ્રેમીએ ઝૂમી આનંદ લીધો હતો. બાબા શ્યામના ભજન વચ્ચે દરેક શ્યામ ભક્તોના ચહેરા પર અનેરો ઉત્સાહ અને બાબા શ્યામ પ્રત્યે અનેરો ભાવ જોવા મળ્યો હતો.



કદવાલના ગામના મોટા ફળિયામાં રહેતા વિધવા અને દિવ્યાંગ મહિલા ઈન્દિરાબેન દિનેશભાઈ ડામોર છેલ્લા ઘણા સમયથી નાની એવી ઝૂંપડીમાં પોતાનું જીવન ગુજારતા હતા. પતિનું મરણ થયાં પછી પોતાનું ગુજરાંત ચલાવવું થોડું અઘરૂં બન્યું હતું. ત્યારે સામાજીક કાર્યકર્તા વિક્રમ ડામોરે આ વાતની જાણ તેમના મિત્ર મનસુખભાઇ ભીલ અને સચિન ભીલને જણાવતા આ ત્રણે મિત્રોએ મળીને આ મુહિમ ઉપાડી હતી. આ ઘર સોશીયલ મિડીયાના માદ્યમથી અને ગામ લોકોના સહયોગ થી બની રહ્યું છે. ત્યારે આ મહિલાની મદદ માટે ટીમલીના ગાયક કલાકાર ભાવેશ ખાંટ પણ તેમના મિત્રો સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને બીજા લોકોને પણ મદદ માટે અપીલ કરી હતી.

# દે.બારીયા નગર પાલિકાના કોન્ટ્રાકટર દ્વારા બનાવવામાં આવતાં RCC રોડમાં સ્ટીલના સળીયાનો ઉપયોગ કરાયો નથી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના તાલુકા પ્રા.શાળા સામે થી કાદરી ફળીયા તરફ જવાનો રસ્તો જે હાલમાં આર.સી.સી.ની નવિન બનેલ છે. તેમાં સળીયાનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. જે જુના આર.સી.સી.ના રોડમાં સળીયા પાથરવામાં આવ્યા હતા. તે સળીયા પણ જી.સી.બી.ના દ્વારા ખોદી લઈ ગયા અને આ નવિન રોડમાં રેતીના ચોળીયા થી લેવલીંગ કરવામાં આવ્યું છે. જેમાં ગુણવત્તાનો કોઈપણ પ્રકારનો ટેન્ડરની શરતો મુજબ કાર્ય કરવામાં આવ્યો નથી. આ મુજબનો આર.સી.સી. રોડ સુથારવાડા વિસ્તારમાં હાલમાં બનાવવામાં આવ્યો. ત્યાં સ્ટીલના સળીયા પાથરી સ્ટાન્ડર ગુણવત્તાવાળો રોડ બનાવ્યો છે. આ કોન્ટ્રાક્ટરના દ્વારા અંદરના વિસ્તારના રોડમાં પુરેપુરા સળીયા સગેવગે કરી દીધા છે. જેના માટે કોણ જવાબદાર છે. કોન્ટ્રાકટરને તંત્રના દ્વારા છુટોદોર આપી દેવાનો મોકો આપ્યો છે. આ મેળાપીપણાથી થઈ છે. તેવી લોક ચર્ચા થઈ હી છે. ટેન્ડરની શરતોમાં કયા કયા માપદંડ શરતો નકકી હોય છે શું ? સળીયાનો ઉપયોગ ન કરવો તેવી શરતો હશે ખરી ? સ્ટીલલના સળીયા વગરનો આર.સી.સી. રોડની ગુણવત્તા કેટલી હશે તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે. ૨૦૦ થી ૫૦૦ મીટરનો આર.સી.સી.રોડમાં સ્ટીલના સળીયા કેમ નાખવામાં આવ્યા નથી અને ઉપર થી જુના આર.સી.સી.રોડના જુના સળીયા જે પથરાયેલા હતા. તે સળીયા પણ જી.સી.બી.ના દ્વારા ખોદી લઈ જવામાં આવ્યા છે. નવિન રોડનું કાર્ય થતી વખતે પાલિકાનો કોઈ જવાબદાર કર્મી અથવા સિવિલ એન્જીનિયર જાણી સમજીને ગેરહાજર હતા કે શું ? તંત્રની ગેરહાજરીમાં નવિન રોડની ગુણવત્તા કેવી થઈ હશે તે સમજવા જેવી વાત છે. જે વિસ્તારમાં રોડ બને છે. ત્યાંના સ્થાનિક રહેવાસીઓને પૂછીને કોન્ટ્રાકટરનો બીલને મંજુરી આપવામાં આવે અને સ્ટીલના સળીયાના નાણાં બાદ કરીને બીલ આપવામાં આવે. અને જુના સળીયા જે લઈ જવામાં આવ્યા છે તેનો ભંગારનો ભાવ ૧ કિ.ગ્રા.ના ૧૮/– થી ૨૦/–છે. તેની પણ રીકવરી કરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ જિલ્લામાં તાલુકા-જિલ્લા-સ્વાગત કાર્યક્રમ યોજાશે, ૧૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે તાલુકા સ્વાગત કાર્યક્રમ તા. ૨૧ ડિસેમ્બરે, બુધવારે સવારે ૧૧ કલાકે તેમજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૨ ડિસેમ્બર, ગુરૂવારે સવારે ૧૧ કલાકે યોજાશે.

તદ્દનુસાર, તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઝાલોદ ખાતે કલેક્ટર, ગરબાડા ખાતે જિલ્લા વિકાસ અધિકારી, લીમખેડા ખાતે પોલીસ અધિક્ષક, ધાનપુર ખાતે નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી, લીમખેડા, સીંગવડ ખાતે પ્રાયોજના વહીવટદાર, ફતેપુરા ખાતે નિયામક, ડીઆરડીએ, સંજેલી ખાતે પ્રાંત અધિકારી ઝાલોદ, દાહોદ ખાતે પ્રાંત અધિકારી, દાહોદ તેમજ દેવગઢ બારીયા ખાતે પ્રાંત અધિકારી, દેવગઢ બારીયા ઉપસ્થિત રહેશે.

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યકિતગત/અંગત પશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબધિત અમલીકરણ અધિકારીની કચેરીને ઓછામાં ઓછી ત્રણવાર કરેલી અરજીની નકલ સાથે સંબંધિત મામલતદારની કચેરીને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ અરજી મથાળે લખી અરજી ૧૫ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવાની રહેશે.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યકિતગત/અંગત પશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબધિત અમલીકરણ અધિકારીની કચેરીને ઓછામાં ઓછી ત્રણવાર કરેલી અરજીની નકલ સાથે કલેકટર કચેરીને જિલ્લા સ્વાગત કાર્યક્રમ એમ અરજીના મથાળે લખી અરજી ૧૫ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવાની રહેશે. દાહોદના નિવાસી અધિક કલેકટરએ એક અખબારી યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક અભલોડ દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા અંતર્ગત ચેક અર્પણ કરાયો



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડાની બરોડા ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા જીગ્નેશભાઈ રમણભાઈ રસુઆતને પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા અંતર્ગત રૂ. બે લાખનો ચેક આપવામાં આવ્યો. ગરબાડા તાલુકાની અભલોડ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક શાખામાં અભલોડ ગામતળના રમણભાઈ પ્રેમચંદભાઈ રસુઆત દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા અંતર્ગત તેમણે ૪૩૬ રૂપિયા પ્રીમિયમ ભરેલું હતું અને રમણભાઈ પ્રેમચંદભાઈ રસુઆતનું આકસ્મિક નિધન થઈ જતાં તેમના પરિવારને અભલોડ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના બેંક મેનેજર મહાવીર મીણા દ્વારા મૃત્યુ પામનારા પરિવારના વારસદાર જીગ્નેશભાઈ રમણભાઈ રસુઆતને પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા અંતર્ગત તેમને સીધો લાભ મળે તે માટે બેંક ખાતે બોલાવી રૂપિયા બે લાખનો ચેક આપવામાં આવ્યો હતો.

# દાહોદ જીલ્લામાં લગ્નના ઈરાદે સગીરાના અપહરણના બે બનાવો અંગે ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં પત્ની તરીકે રાખવાના ઈરાદે સગીરાના અપહરણના જુદી જુદી જગ્યાએ બનેલા બે બનાવો જે તે પોલિસ મથકે નોંધાયાનું જાણવા મળ્યું છે.

સગીરાના અપહરણના દાહોદ જિલ્લામાં બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દે.બારીયા તાલુકાના નાની મંગોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં દે.બારીયાના બૈણા ગામનો સંજયભાઈ હમીરભાઈ પટેલ નામનો યુવાન તા. ૧૦–૯– ૨૦૨૨ના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે નાની મંગોઈ ઠાકોર ફળિયામાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને પત્ની તરીકે રાખવાના ઈરાદે પ્રેમના પાઠ ભણાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હતો. આ મામલે અપહૃત સગીરાના પિતાની ફરિયાદને આધારે સાગટાળા પોલિસે અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

જ્યારે જિલ્લામાં સગીરાના અપહરણનો બીજો બનાલ લીમખેડાના જેતપુર(દુ) ગામે બનવા પામ્યો હતો. જેમાં લીમખેડા તાલુકાના મોટીવાવ ગામના સેવનીયા ફળિયામાં રહેતો હસમુખભાઈ મોટીવાવ ગામના સેવનીયા ફળિયામાં રહેતો હસમુખભાઈ મહેશભાઈ ચૌહાણ નામનો યુવક મોટીવાવ ગામની ૧૭ વર્ષ ૧૧ માસની ઉમરની સગીરાનું પત્ની તરીકે રાખવા પ્રેમના પાઠ ભણાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હતો. આ સંબંધે અપહૃત સગીરાની પાતાએ નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલિસે અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



આહાર ટ્રસ્ટ દ્વારા દેવગઢ બારીયાની મહારાણી કન્યાશાળામાં અભ્યાસ કરતી ૧૦૧ છોકરીઓ તથા તાલુકા શાળામાં અભ્યાસ કરતા ૭૯ છોકરાઓને આજે સ્વેટરની વહેંચણી કરવામાં આવી.

# મધ્ય ગુજરાતમાં હળવા વરસાદની આગાહી : અનાજને નુકશાન ના થાયએ માટે વ્યવસ્થા કરવા સૂચના

દાહોદ,

ભારતીય હવામાન વિભાગ દ્વારા કરાયેલી આગાહી મુજબ આગામી તા. ૧૪ ડિસેમ્બરના રોજ મદય તેમજ દક્ષિણ ગુજરાતમાં સામાન્ય થી હળવો વરસાદ થવાની આગાહી છે. જે અન્વયે દાહોદના નિવાસી અધિક કલેકટરએ એપીએમસી તથા અનાજના અન્ય ગોડાઉનમાં અનાજના જથ્થાને નુકશાન ના થાય એ માટે જરૂરી વ્યવસ્થા કરવા સબંધિત અધિકારીઓને જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.96

# પંચમહાલ જીલ્લાના ખેડુતોને રવિ સીઝનમાં ખાતરની અછતને લઈ

# ખેડુતોને પડતી મુશ્કેલીઓ હલ કરવા કૃષિ મંત્રીને ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્યની રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં રવિ સીઝનમાં ખેડુતોએ પાકની વાવણી કરેલ છે અને પાકને ખાતરની જરૂરીયાત ઉભી થયેલ છે. ખાતરની અછત ઉભી થતાં ખાતર ખરીદી કેન્દ્રો ઉપર ખેડુતોને લાંબા લાઈનોમાં ઉભા રહેવું પડે છે. ત્યારે જીલ્લામાં રવિ સીઝન માટે ખેડુતોની જરૂરીયાત મુજબ ખાતરનો જથ્થો ફાળવવામાં આવે તેવી માંગ સાથે કૃષિ મંત્રીને ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય દ્વારા લેખિત રજુ કરાઈ.





પંચમહાલ જીલ્લામાં ખેડુતો દ્વારા મોટા પ્રમાણમાં રવિ સીઝનના પાકનું વાવેતર કરેલ છે. ખેડુતોને રવિ પાક માટે ખાતરની ખુબ જરૂરીયાત ઉભી થયેલ છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી જીલ્લામાં ખાતરની ખૂબ અછત ઉભી થયેલ છે. જેને લઈ ખાતર ખરીદી કેન્દ્રો ઉપર ખેડુતો ખાતર ખરીદવા લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે. જીલ્લામાં ચાલુ વર્ષ અંદાજીત ૬,૦૦૦ મે.ટન ખાતરની જરૂરીયાત છે. તેની સામે ખાતર વિતરણ કરતી કંપનીઓ દ્વારા લક્ષ્યાંક મુજબની ફાળવણી થયેલ નથી. જેને કારણે ખેડુતોને ખાતરનું વિતરણ થઈ શકતું નથી અને ખેડુતોના ઉભા પાકને નુકશાન થઈ રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં ખાતરનું વિતરણ કરતી કંપનીઓ ઈફકો, કુંભકો, નર્મદા કંપનીઓ દ્વારા સહકારી સંસ્થાઓને ફાળવણી કરવાની જગ્યાએ એગ્રો સેન્ટરો અને પ્રાઈવેટ સેન્ટરોને ખાતરની વધારે ફાળવણી કરે છે. સાથે રાસાયણિક ખાતર કંપનીઓ સહકારી સંસ્થાઓને વધારાની પ્રોડકટ ખરીદવા દબાણ કરવામાં આવે છે. જ્યારે એગ્રો સેન્ટરો અને પ્રાઈવેટ સેન્ટરોને માત્ર ખાતર ખરીદી માટે પ્રોત્સાહન આપે છે આ કંપનીઓના એરીયા મેનેજરો અને લાયઝન અધિકારીઓ સહકારી સંસ્થાઓ સાથે ભેદભાવ ભર્યું વલણ પંચમહાલ જીલ્લામાં અપનાવી રહી છે. આ બાબતે ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્યો ગોપાલભાઈ ધનશ્યામભાઈ પટેલ દ્વારા રાજયના કૃષિ મંત્રી રાઘવજી પટેલને લેખિત રજુઆત કરાઈ છે કે, ખાતર વિતરણ કરતી કંપનીઓને પંચમહાલ જીલ્લામાં સપ્લાય પ્લાન મુજબ અંદાજે ૫૭૦૦ મે.ટન જથ્થો જણાવેલ છે. તે મુજબ જીલ્લામાં પુરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર મળી રહે તેવી કાર્યવાહી કરવા રજુઆત કરાઈ.

> પંચમહાલ જીલ્લામાં રવિ સીઝનના પાકનું મોટા પ્રમાણમાં વાવેતર થયેલ છે. હાલમાં પાકમાં ખાતરની જરૂરીયાત છે. તેવા સમયે જીલ્લા સહિત ગોધરાના ખાતર ખરીદી કેન્દ્રો પર યુરીયા ખાતર નથી. તેવા બોર્ડ લાગેલા જોવા મળ્યા છે. ખેડુતો ખાતરની તંગીને લઈ પાકને નુકશાન થવાની ચિંતામાં મુકયા છે.

## કાલોલના વ્યસડા ગામે જંગલી ભુંડના હુમલામાં ત્રણ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતાં નવ નિવાધીન ધારાસભ્ય ઈજાગ્રસ્તોના પરિવારને મળી સાંત્વના આપી





કાલોલ,

કાલોલ તાલુકાના વ્યસડા ગામમાં જંગલી ભુંડના આંતક જોવા મળી રહ્યો છે. ભુંડ દ્વારા ત્રણ વ્યકિત ઉપર હુમલાના બનાવો સામે આવ્યા છે. અને ઈજાગ્રસ્તો સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભુંડના હુમલામાં ઈજાગ્રસ્તોની મુલાકાતમાં નવ નિવાધીન ધારાસભ્ય પહોંચીને પરિવારજનોને સાંત્વના આપી.

કાલોલ તાલુકાના વ્યસડા ગામમાં છેલ્લા ઘણા સમયથી જંગલી ભુંડના ત્રાસ વધી રહ્યો છે. વ્યસડા ગામ વૃદ્ધ ખેડુત વહેલી સવારે ખેતરમાં ઘાસચારો કાપી રહ્યા હતા. ત્યારે વૃદ્ધ ઉપર ભુંડ હુમલો કરીને વૃદ્ધના શરીરે બચકાં ભરીને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા અને જંગલી ભુંડ દ્વારા વૃદ્ધ હુમલો કરતાં બચાવવા ગયેલ બે વ્યકિત ઉપર પણ ભુંડે હુમલો કરી ત્રણ વ્યકિતને ઈજા પહોંચાડતા ત્રણને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વૃદ્ધને ગંભીર હાલતમાં સારવાર માટે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. વ્યસડા ગામે જંગલી ભુંડના હુમલામાં ત્રણ વ્યકિતઓ ઉપર હુમલો થયાની ઘટનાની જાણ થતાં કાલોલના નવ નિવાધીન ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ વ્યસડા ગામે પહોંચીને ઈજાગ્રસ્તોના પરિવારજનોને મળી સાંત્વના આપી હતી અને સરકારમાં રજુઆત કરવાની ખાતરી પણ આપી હતી.

## ૧૮મી ડિસેમ્બરે યોજાનાર વર્ગ-૩ની જગ્યાઓની ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષાના સુચારૂં સંચાલન માટે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ

ગોધરા,

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા મુખ્ય અધિકારી(નગરપાલીકા), વર્ગ-૩ ( જાહેરાત ક્રમાંકઃ૧૧/૨૦૨૨-૨૩)ની જગ્યાઓ પર ભરતી કરવા માટેની પ્રિલિમિનરી (પ્રાથમિક) પરીક્ષા તા.૧૮/૧૨/૨૦૨૨ને રવિવારના રોજ યોજાનાર છે. આ પરીક્ષાના સુચારૂં સંચાલન, આયોજન અને જરૂરી વ્યવસ્થાના પરામર્શ અર્થે જિલ્લા કલેકટરની કચેરી ગોધરા-પંચમહાલ ના વી.સી.હોલમાં નિવાસી અધિક કલેકટર એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષસ્થાને પરીક્ષા સમિતિના સભ્યો સાથે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર ચુડાસમાએ આ પરીક્ષાના સુચારૂં સંચાલન માટે સભ્ય સચિવ જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારી જે.એમ. પટેલ દ્વારા મુખ્ય અધિકારી(નગરપાલીકા),વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી કરવા માટેની પ્રિલિમિનરી(પ્રાથમિક) પરીક્ષા તા.૧૮/૧૨/૨૦૨૨ને રવિવારના રોજ યોજાનાર



પરીક્ષામાં પંચમહાલ જિલ્લાના ગોધરા, કાલોલ, હાલોલ, શહેરા અને મોરવા(હ)ના ૩૧ કેન્દ્રો ખાતે થી ૮,૬૭૦ ઉમેવારો પરીક્ષા આપશે. આ પરીક્ષામાં ઉમેદવારો શાંત વાતાવરણમાં નિર્ભયતાથી, આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે તે માટે કરેલ કામગીરીની વિગતો મેળવી જરૂરી સલાહ સુચનો કરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિના સભ્ય અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મતિ જી.એચ.પટેલ, જિલ્લા પોલીસ વિભાગના અધિકારી, એમ.જી.વી.સી.એલ.ના અધિકારી, એસ.ટી.ના અધિકારી, જિલ્લા તિજોરી અધિકારી ચૌધરી, શિક્ષણ નિરીક્ષક જે.કે.પરમાર સહિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સ્ટાફગણ ઉપસ્થિત રહયાં હતા.

## કાલોલના અડાદરા ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં તત્વો દ્વારા મારામારી કરી ધમકી આપતાં ગ્રામજનોએ જીલ્લા અધિક કલેકટરને આવેદન આપ્યું

કાલોલ,

કાલોલ તાલુકાના અડાદરા ગામમાં અસામાજીક તત્વો જે ગોમા નદી માંથી રેતી ખનન કરતા હોય તે ગેરકાયદેસર રેતી ખનન રોકવા બાબતે મારમારી કરી ધમકી આપતાં અડાદરા ગામના ગ્રામજનો દ્વારા જીલ્લા અધિક કલેકટરને આવેદન આપ્યું.



કાલોલ તાલુકાના અડાદરા ગામમાં ગોમા નદી માંથી ગેરકાયદેસર થતી રેતી ખનન કરતાં ઈસમોને રેતી ખનન કરતાં રોકવામાં આવતા હોય જેને લઈ રેતી ખનન કરતા અસામાજીક તત્વો દ્વારા અડાદરા ગામમાં મારમારી કરી ધાકધમકી આપીને ગ્રામજનોને પરેશાન કરતા હોય જેને લઈ અડાદરા ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં તત્વોને ડામવામાં આવે તેવી માંગ સાથે અડાદરા ગામના ગ્રામજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી બાદમાં જીલ્લા અધિક કલેકટરને આવેદન આપી રજુઆત કરાઈ.

## ગોધરા કોર્ટ પરિસરમાં પોકસોના ગુનામાં જામીન પર મુકત આરોપીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

ગોધરા,

ગોધરા કોર્ટમાં પોકસો અને બળાત્કારના ગુનામાં જામીન પર મુકત થયેલ આરોપી કોર્ટમાં મુદ્દત માટે આવ્યો હતો. ત્યારે કોર્ટ પરિસરમાં આરોપીએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ઈસમને સારવાર માટે



સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા કોર્ટમાં બળાત્કાર અને પોકસોના ગુનાના આરોપી દેવેન્દ્ર ચૌહાણ જામીન પર મુકત થયેલ હોય અને આજરોજ કોર્ટમાં મુદ્દત હોવાથી કોર્ટમાં આવ્યો હતો. આરોપીએ કોર્ટ પરિસરમાં ફોરેટ નામની ઝેરી દવા પી ને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આરોપી અને આપઘાતનો પ્રયાસ કરનાર દેવેન્દ્ર ચૌહાણને તાત્કાલીક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. જ્યાં આરોપીની સ્થિતી સામાન્ય છે. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## લો કોલેજ ગોધરા ખાતે ઈનોવેસન કલબનું આયોજન કરવામાં આવ્યું




ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ સંચાલિત લો કોલેજ ખાતે ઈનોવેશન કલબ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાયદાનાં વિદ્યાર્થી જોડાયા હતા. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયના વિનયન, વાણીજય વિજ્ઞાન, બી.એડ. અને લો વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત રાજયની સરકારી, બિન સરકારી અનુદાનિત કોલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં ઈનોવેશન કલબનું ગઠન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજયના વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માટે તૈયાર કરવામાં આવે છે.


તે અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનર ની કચેરી, ગાંધીનગર દ્વારા લો કોલેજ ગોધરા Innovation Club નું ગઠન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમ લો કોલેજ ગોધરા ક્ષતત યુનિટ દ્વારા કરવામાં આવ્યો હતો. લો કોલેજ ગોધરાના આચાર્ય ડો. અપૂર્વ પાઠક તથા અને ઈનોવેસન ટ્રેનર સુનીલ વણકર તથા આ કાર્યક્રમના પ્રોગ્રામ કો. ડો. અમિત મહેતા અને ડો. કૃપા જયસ્વાલ સમગ્ર કાર્યક્રમને અગ્રીમતા આપી હતી. ઉપરાંત કોલેજ પરિવારમાં ડો. સતીષ નાગર ક્ષતત યુનિટ પો.ઓફિસર ડો. અર્ચના યાદવ તથા મોટી સંખ્યા માં વિદ્યાર્થી જોડાયા હતા.

## પંચમહાલ જીલ્લા સહિત શહેરાના વિદ્યાર્થીઓના નીટ પરીક્ષાના પરીણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમ

શહેરા,

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વિદ્યાર્થીઓએ મેડિકલ કોલેજમાં પ્રવેશ માટેની રાષ્ટ્રિય કક્ષાની વર્ષ ૨૦૨૨ નીટ ની પરીક્ષાના પરિણામની રાહ દેખી રહયા હતા. તે નીટની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓમાં કહી ખુશી અને કહી ગમનો માહોલ છવાયો હતો. જયારે તાલુકા માંથી પણ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા નીટની પરિક્ષા આપી હતી. જેમાં નગરના હુસેની ચોક વિસ્તારમાં રહેતા એઝાઝખાન અહેમદખાન પઠાણ એ નીટની પરિક્ષામાં ૭૨૦માંથી ૫૬૭ માર્કસ મેળવા સાથે સારા ટકાએ પાસ થતા પઠાણ પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. એઝાઝખાન નીટની પરીક્ષામાં સારા ગુણ થી પાસ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

થતાં તેને અમદાવાદની સોલા મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.માં સરકારી બેઠકમાં પ્રવેશ પણ મળી ગયો હતો. જયારે વિદ્યાર્થીને તેના સગા સંબંધીઓ અને સ્નેહીજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા હતા. જયારે એઝાઝ ખાન અહેમદખાન પઠાણએ નીટની પરીક્ષામાં સારા માર્કસ સાથે પાસ થતા મુસ્લિમ સમાજ તેમજ શહેરા નગરનુ ગૌરવ વધાર્યું છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન પાસે આવેલ મિલ્કતને લઇ મહેસુલ વિભાગના ૨૦૧૦ના ધાર્મિક જમીનો માટેના પરિપત્રો મુજબ પંચમહાલ જીલ્લા કલેકટર કાર્યવાહી કરે તેવી હિન્દુ સંગઠનની માંગ

ગોધરા,

પંચમહાલ સમાચાર દ્વારા આપેલ અંક તા.૩/૧૧/૨૦૨૨ અને તા.૭/૧૧/૨૦૨૨ અંગે વધુ ધાર્મિક સમાચાર અંક વધુ ગોધરા કસ્બાના સીટી સર્વે નંબર ૧૪/૨૮૮/૨ થી ૧૪/૨૮૮/૨૪ વાળી જમીનો મહાલક્ષ્મી માતા ટ્રસ્ટની ગોધરા રેલ્વે સ્ટેશનની સામે આવેલી છે અને તે મિલ્કતો ઉપર હિન્દુ સમાજના કોમના વર્ષા વસંતકુમાર ભગત, સિદ્દીક યુસુફ છુંગા ઈલ્યાસ, અહેમદ રસુલ સિંધી મુસ્લીમ કોમના આગળ પડતા ઈસમો દ્વારા ખોટી રીતે ભાડાપટ્ટાની કાયદા વિરૂદ્ધ ખોટા મહેસુલીઓ, કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા મોટી મોટી લાગવતો ધરાવી તેમજ ટ્રસ્ટ એકટના કાયદા બહારની સત્તાઓ વાપરી અને ચેરીટી કમિશ્નરો જે તે સમય અધિકારીઓના હુકમો નહી હોવા છતાં મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની હિન્દુ સમાજ દાન કરેલ મિલ્કતો ભાડા પટ્ટાની આળ લઈ ગેરકાયદેસર વેચાણ ના થઈ શકે તેવી ગેરકાયદેસર મોટી મોટી લાંચ રૂશ્વતો આપી તેમના આજુબાજુના સગા સંબંધીઓને વેચાણ દસ્તાવેજો અને પોતાની માલિકી મિલ્કતો હોય ખોટા ખોટા કુલમુખ્તયારો બનાવી ટ્રસ્ટની મિલ્કતો એક પછી એક વેચાણ દસ્તાવેજો સબ રજીસ્ટાર ગોધરા દ્વારા કરી તેઓને ટ્રસ્ટની મિલ્કતોમાં લાંચ રૂશ્વતો આપી અપાવી દાનની ધાર્મિક હિન્દુ સમાજ દ્વારા આપેલ મિલ્કતોના ટ્રસ્ટ કાયદા તથા ચેરીટી કમિશ્નરના હુકમો વગર મોટા પ્રમાણમાં દસ્તાવેજો કરી અનેક પ્રકારની લાગવગ ધારીઓએ ખૂબજ મોટા પ્રમાણમાં એક પછી એક ફેરફાર કરી મહાલક્ષ્મી માતા ટ્રસ્ટની મિલ્કતો વેચાણ કરનાર કુમુદનીર કરનાર (૧) વર્ષાબેન વસંતકુમાર ભગત (૨) સિદ્દીક યુસુફ છુંગા (૩) ઈલ્યાસ અહેમદ રસુલ સિંધી નામના હિન્દુ-મુસ્લીમ સમાજના ઈસમો દ્વારા ભાડા પટ્ટાની આગળ બતાવી મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની સીટી સર્વે નં.૨૮૮/૧/અ જેનો ક્ષેત્રફળ (૧૭૨૫ ચો.મી.૭૭૭૬) એફ વાળી મિલ્કતો સત્તા પ્રકારનું વર્ણન (ધર્માદા/વકફ અને ઈત્તર ધર્માદા) સંસ્થાઓ માટે આપેલી જમીનો ઈન્કવાયરી ઓફિસરના ઠરાવને આધારે તાત્કાલીક સુધી શકાય. ૧૯૩૬ હકક અંગે ધારણ કરનારા નામો (૧) મહાલક્ષ્મી માતાના વહીવટદાર હિન્દુ સમાજના (૧) રણછોડરાય મોચારામ (૨) બાઈ જયંતિ અંબાલાલા દલસુખની દિકરી (૩) સત્યભામા અંબાલાલ દલસુખની દિકરી (૪) સગીરના વાલી બાઈ જયંતિ ધારણ કરનારના નામો દાખલ થયેલા છે. જેનો રેકર્ડમાં ઉલ્લેખ છે. ત્યારપછી અનેક પ્રકારની શરતની ચાલો એક પછી એક રમવાનું ચાલી રાખી અને કાયદા તથા ચેરીટી કમિશ્નરોએ કયા કયા હુકમો આપેલ તારીખોની જે તે સમયના સાહેબોની નોંધોનો ઉલ્લેખ કરેલ નથી અને મહાલક્ષ્મી માતા જમીનમાં ભાડા પટ્ટે કોને આપી અને કયા વહીવટદાર ચેરીટી કમિશ્નરોના પરમીશન લીધા તેની કોઈ વિગતો જાહેર કરેલ નથી.

આમ, મહાલક્ષ્મી માતાની જમીનોમાં સીટી સર્વે નં. (એસ.આર.)ની નકલની પુરેપુરી વિગતો નજર અંદાજથી જોવામાં આવે તો આ જમીનો ઉપર સીટી સર્વેના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા રેકર્ડની પણ ચકાસણી કરવામાં આવેલ નથી. જો આવી (દાન, ધર્માદાની) મિલ્કતોમાં ખોટું કરશે કરાવશે તો પોતે ભોગવું પડશે અને આવનાર પેઢીઓને પણ ભોગવું પડશે. જે હિન્દુ અને મુસ્લીમ સમાજદ્વારા પોતાના ધર્મમાં જણાવ છે. જેમાં કાયદા વિરૂદ્ધ ટ્રસ્ટની મિલ્કતો હિન્દુ સમાજની હોય અને અશાંતધારાનો કાયદો લાગુ પડતો હોય અને ટ્રસ્ટની મિલ્કતો વેચાણ કરવાના અધિકારો વહિવટી કે પુજારીઓને સંપૂર્ણ કાયદા અંગે આપેલના હોય જેથી વહીવટદારની જગ્યાએ મહાલક્ષ્મી માતા ટ્રસ્ટનું નામ અને નોંધણી નંબર પાડી ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગ તા.૯/૪/૨૦૧૦ના પરિપત્ર ક્રમાંક (એસ/૩૦/૨૨૦૭/૩૩૪૭/ગ થી બાબતે ગેરકાયદેસર તમામ નોંધો સહિતની કાર્યવાહી થાય તેમજ કાયદા વિરૂદ્ધ જે તે સમયના ચેરીટી કમિશ્નરોના હુકમો થયેલા ના હોય સીટી સર્વે કચેરીની એસ.આર.ની નકલોમાં પરમીશનો ના હોય તમામની તમામ મૂળ જમીનો મહાલક્ષ્મી માતા ટ્રસ્ટની મિલ્કતોમાં ઉપર જણાવેલ સરકારશ્રી આદેશોની તાત્કાલીક કાર્યવાહી થાય તેવી હિન્દુ સંગઠનની પોતાની માલિકીની મિલ્કતો અંગેની માંગો છે.

મહેસુલ વિભાગ તા.૯/૪/૨૦૧૦ વિરૂદ્ધ પડેલ નો (૧૩૫૩/૧૪૭૭/૧૪૭૮/૧૫૨૦/૧૫૩૮/૧૫૬૮/૧૫૬૯/૧૫૭૦/૧૬૨૯/૧૫૩૦/૧૭૨૩/૧૭૮૯/૧૯૧૮/૧૯૭૫/૧૯૨૦/૨૦૭૧/૨૧૫૦/૨૧૬૮/૨૧૬૯/૨૧૮૬/૨૧૮૭/૨૨૨૦/૨૨૨૧/૨૨૨૨/૨૨૨૩ સને (૨૦૧૦) (૨૦૧૧) માં નોંધો પડેલ છે. જે કાયદા તથા મહેસુલ વિભાગ ગુજરાત સરકારના પરિપત્ર તા.૯/૪/૨૦૧૦ વિરૂદ્ધની હોય તમામ નોંધો નામંજુર કરી કરાવી મહાલક્ષ્મી માતા ટ્રસ્ટ તથા નોંધણી નંબર સહિતની નોંધ કરતો હુકમ થાય તેવી માંગો ઉઠવા પામેલ છે. આ તમામ નોંધો રીવિઝનમાં લઈ નામંજુર કરવાની સત્તાઓ પંચમહાલ જીલ્લા કલેકટર અને વહીવટી કર્મચારીઓ, અધિકારીઓની બને છે.